# હજુ બે ત્રણ મહિના ચૂંટણી ટાળવામાં જ ડહાપણ છે એવો ભાજપમાં પ્રવર્તતો મત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની મુલ્તવી રહેલી ચૂંટણી અંગે ચૂંટણી પંચે હજુ કોઈ નિર્ણય ના કર્યો હોવા છતાંય રાજકીય ધમધમાટ તો ચૂંટણી જેટલો જ છે. એક તરફ રાજ્યમાં વિધિવત ચોમાસાનું આગમન થઈ રહ્યું છે અને બે-ત્રણ દિવસમાં જ ગાંધીનગર પંથકમાં મેઘરાજાનું આગમન થશે અને હવામાન ખાતાના અનુમાન મુજબ ૩૦મી જુનથી ચોમાસુ સક્રિય બનશે. આનો સીધો સાદો અર્થ એવો થાય કે જુલાઈ અને ઓગષ્ટમાં ભરપૂર વરસાદ રહેશે ત્યારે ચૂંટણી યોજવાનું શક્ય નહી બને એ નિર્વિવાદ છે. શાસક પક્ષ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે અને કોરોનાના બીજા તબક્કામાં ઈમેજને થયેલા ધોવાણ માટે ડેમેજ કંટ્રોલના ભાગરૂપે સામાજીક સદ્‌ભાવના કાર્યક્રમો યોજી છબી સુધારવાનો ભરપુર પ્રયાસ કરે છે. સામે પક્ષે કોંગ્રેસ જનજીવનના ઘા ઉપર મીઠુ ભભરાવી ઉત્તેજીત કરી રહ્યા છે અને આમ આદમી પાર્ટી નવા સમીકરણો માંડીને બેઠુ છે. એટલે આજકાલ ગાંધીનગરનો રાજકીય ધમધમાટ ચૂંટણીનો મિજાજ વ્યક્ત કરે છે.

શહેરના ચતુર નાગરિકોને પ્રશ્ન છે કે ચૂંટણી યોજાવાની ન હોવા છતાંય ઉભી થતી ઉત્તેજનાઓ કેટલાંક અનર્થો સર્જે છે. અને સામાજીક માનસિકતાનું સમતુલન હાલક ડોલક થઈ શકે તેમ છે અને આ વર્ગ એમ માને છે કે જો હમણાં ચૂંટણી યોજાવાની ના હોય અને ચૂંટી શકાય તેમ ના હોય તો ચૂંટણી પંચે સ્પષ્ટ જાહેરાત કરવી જોઈએ કે હવે પછી મહાનગરપાલિકાની ચૂંટણી સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં યોજાશે. ભાજપના કેટલાંક આગેવાનોનું માનીએ તો ભાજપને ચૂંટણી માટે કોઈ ઉતાવળ નથી..!! કારણ કે અગાઉ બે વખતની ચૂંટણીમાં થોડાક માટે ગાડી ચુકી જતાં પક્ષપલટા કરાવવાનું કલંક આ વખતે નથી લાગવા દેવું અને એ નેતાઓ એમ માને છે કે હમણાં જો ચૂંટણી થાય તો કોઈને સ્પષ્ટ બહુમતી મળે નહિ અને તોડફોડનું રાજકારણ ફરીથી ઉભુ થાય એટલે બે-ત્રણ મહિના બાદ ચૂંટણી યોજવાનું ડહાપણભર્યુ રહેશે એવો એક મજબુત મત ભાજપમાં પ્રવર્તે છે.




# સિવિલ હોસ્પિટલમાં ૨૦ દર્દીઓને મ્યુકરમાઈકોસીસની સર્જરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મ્યુકર માઈકોસીસના ૨૦ દર્દીઓ પર સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. છેલ્લા એક માસમાં જ ઈ.એન.ટી. વિભાગ દ્વારા આ સર્જરીઓ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ચોપડે મ્યુકર માઈકોસીસના કુલ ૫૬ દર્દીઓ નોંધાયા છે અને હાલ ૨૪ દર્દીઓ સારવાર હેઠળ છે.

ઈ.એન.ટી. વિભાગના વડા ડૉ. યોગેશભાઈ ગજ્જરે જણાવ્યુ હતુ કે સિવિલમાં એક માસમાં મ્યુકર માઈકોસીસની સર્જરી કરવામાં આવી હોય તેવુ પહેલીવાર બન્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે બે દર્દીઓને તો રિવીઝન સર્જરી કરવી પડી છે. જડબા કાઢવા પણ પડ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર સિવિલમાં નોંધાયેલા કેસોમાંથી ૩ થી ૪ દર્દીઓને આ રોગની અસર બ્રેઈન સુધી પહોંચી ગઈ હોવાથી તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

સિવિલમાં જે દર્દીઓ હાલ સારવાર હેઠળ છે તેમની તબિયત સ્થિર કહી શકાય.

# જિલ્લામાં ધીમી ગતિએ ખરીફ વાવણીનો આરંભ

**અત્યાર સુધીમાં ૯૬૧૯ હેક્ટરમાં વાવેતર થયું : મગફળીનું ૨૪૮૯ હેક્ટર, કપાસનું ૨૭૯૯ હેક્ટરમાં વાવેતર થયું : વિધિવત્ ચોમાસા પૂર્વે જિલ્લામાં ૨.૨૨ ટકા સિઝનનો વરસાદ નોંધાયો છે : શ્રમિકોની અછત અને કોરોનાનું સંક્રમણ વાવણીની ધીમી ગતિ માટેના જવાબદાર પરિબળો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સારો વરસાદ થવાની આશા સાથે ખેડૂતોએ ખરીફ ઋતુના વાવેતરનો આરંભ કર્યો છે. જિલ્લામાં આજ સુધીમાં ૯૬૧૯ હેક્ટરમાં આ વાવેતર સંપન્ન થયું છે.

મળતી વિગતો પ્રમાણે આ ખરીફ ઋતુમાં ખેડૂતોએ પરંપરાગત ખેતીને જ અગ્રતા આપી છે. જિલ્લામાં આ વખતે નવા પાકનું વાવેતર હાલ તો ખેડૂતોએ વિચાર્યુ નથી. પ્રયોગશીલ ખેડૂતો પણ પરંરાગત ખેતી તરફ જ આગળ વધી રહ્યા છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૩૯૦ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૨૪૮૯ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૭૯૯ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૨૮૧ હેક્ટરમાં અને પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૨૬૫૯ હેક્ટરમાં નોંધાયું છે.

જિલ્લામાં કપાસ અને મગફળીનું વાવેતર શરૂ થયુ છે. જિલ્લામાં પરંપરાગત પાક ડાંગરનું વાવેતર પણ નોંધાયુ છે. જો કે હજુ ખરીફ સિઝન જેમ જેમ આગળ વધશે તેમ તેમ બાજરી, તુવેર, મગ, અડદ, તલ, ગુવારના પાકનું વાવેતર નોંધાશે તેમ ખેડૂત આગેવાનો સાથેની ચર્ચામાં જાણવા મળ્યું છે.

કૃષિક્ષેત્રે શ્રમિકોની અછતને કારણે ધીમી ગતિએ વાવણીનો આરંભ થયો છે. આમ તો મે ના ત્રીજા કે ચોથા સપ્તાહમાં વાવણીનો આરંભ થઈ જતો હોય છે પણ કોરોનાના સંક્રમણ અને શ્રમિકોની અછતને પગલે ખરીફ ઋતુનું વાવેતર મોડુ અને ધીમી ગતિએ આરંભાયુ છે.

જિલ્લામાં આમ તો ૨૦મી પછી વરસાદ થશે તેવુ ખેડૂતોનું માનવુ છે પણ સારો વરસાદ ઓગષ્ટ અને જુલાઈના છેલ્લા પખવાડિયામાં થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં મગફળીના બિયારણનો ભાવ વધારો છે પણ સરેરાશ વાવેતર જળવાઈ રહેશે તેવો ખેડૂતો આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. કપાસના પાકમાં થોડીક વધ-ઘટ થઈ શકે છે. આ ઉપરાંત રોકડિયા પાક તરીકે શાકભાજીના પાકોનું વાવેતર વધી શકે છે.

બીજી તરફ જિલ્લા ખેતીવાડીતંત્રએ પણ બિયારણની ખરીદી માટે ખેડૂતો સાથે ગોષ્ઠીના કાર્યક્રમો યોજી શું શું સાવચેતી રાખવી તેનાથી વાકેફ કર્યા છે.

જિલ્લામાં ચોમાસાના વિધિવત્ આરંભ પૂર્વે અત્યાર સુધીમાં સીઝનનો ૨.૨૨ ટકા, ગાંધીનગમરાં ૩.૦૮ ટકા, માણસામાં ૦.૭૫ ટકા અને દહેગામમાં ૦.૫૦ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજ સુધીમાં દહેગામમાં ૩૫૪૦ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૩૪૬ હેક્ટરમાં, કલોલમાં ૧૦૯૩ હેક્ટરમાં અને માણસામાં ૨૬૪૦ હેક્ટરમાં વાવેતર થયુ હોવાનું જાણવા મળેલ છે.



# ગાંધીનગર તાલુકામાં રૂ ૧૦ કરોડના ખર્ચે માર્ગ સુધારણાના કામો હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર તાલુકાના વિવિધ ગામો માટે મુખ્યમંત્રી સડક યોજના અન્વયે વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. આ માટે અંદાજિત રૂ ૧૦ કરોડના ખર્ચેને મંજુરી આપવામાં આવી છે. જેમાં કોલવડા , પેથાપુર, વાસન, પીપળજ સહીતના ગામોને જોડતા વિવિધ માર્ગોનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જયારે માર્ગ સુધારણાની આ કામગીરી પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારને જોડતા માર્ગોની સુધારણા પાછળ પણ રૂ ૧૦ કરોડના ખર્ચેને મંજુરી આપવામાં આવી છે. ગ્રામિણ સડક યોજના અન્વયે મુખ્યમંત્રીએ ગાંધીનગર તાલુકાના વિવિધ વિસ્તારમાં માર્ગ સુધારણના કામો હાથ ધરવા ખર્ચને મંજુરી આપી છે.

જેમા ંકોલવડાથી રાંધેજા, પેથાપુર થી સુરેલાથી રાંધેજા, પેથાપુર મહુડી હાઈવે પર સુરેલાને જોડતો માર્ગ, પેથાપુર ટી પીને જોડતો માર્ગ ગાંધીનગર માણસા હાઈવે વાસન જોગણી માતાના મંદિરના નાળિયાના બોરથી ચોક સુધીનો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોને ગ્રામ્ય રૂટોના સંચાલનમાં ૨ કરોડની આવકનો ઘટાડો

**ગત વર્ષે રૂ ૭ કરોડની આવક થઇ હતી આ વર્ષે માત્ર ૫ કરોડ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં કોરોના કપરા સમયમાં આવકમાં મોટી ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જયારે ડેપોથી સંચાલન થતી ગ્રામ્ય વિસ્તારની બસો અન્વયે પણ એસ ટી ડેપોએ ગત વર્ષની સરખામણીએ અંદાજિત રૂ ૨ કરોડની આવક ઓછી કરી છે. ગ્રામ્ય રૂટોના સંચાલન અન્વયે ગત વર્ષે ડેપોએ રૂ ૭ કરોડની આવક કરી હતી. જયારે આ વર્ષે આ આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ કોરોનાના કાળમાં મોટી આવક ગુમાવવી પડી છે. અવારનવાર એસ ટી બસના પૈડા થંભી જતા એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જયારે રાત્રિ કરફુયના લીધે આમ પણ છેલ્લા ઘણાં સમયથી રાત્રિ બસ સેવામાં પણ કાપ મુકી દેવાયો છે. ત્યારે ગાંધીનગર ડેપોની શહેરી બસ સેવા સહીતના અન્ય રૂટોમાં પણ પુરતો ટ્રાફિક ન મળતા એસ ટી ડેપોની આવક ઘટી છે. બીજીતરફ ગાંધીનગર ડેપોમાંથી સંચાલન થતી ગ્રામ્ય વિસ્તારની બસો પણ પુરતા પ્રમાણમાં દોડતી ન હતી જયારે કોરોના કાળમાં આ બસોમાં પણ પુરતો ટ્રાફિક ન રહેતા એસ ટી ડેપોએ ગ્રામ્ય વિસ્તારની બસોના સંચાલન અન્વયે પણ આર્થિક ખોટ વેઠવાનો વારો આવ્યો છે. ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર ડેપોએ ગ્રામ્ય રૂટોના સંચાલન અન્વયે આવકમાં અંદાજિત રૂ ૨ કરોડની ખોટ કરી છે. ગત વર્ષે ગાંધીનગર ડેપોની ગ્રામ્ય રૂટોની આવક અંદાજિત રૂ ૭ કરોડ હતી જયારે આ વર્ષે અલબત્ત વર્ષ ૨૦૨૦-૨૧ માં ડેપોએ માત્ર રૂ ૫ કરોડની આવક કરી છે. એકબાજુ કોરોના કાળમાં હવે કેસ ઘટતા એસ ટી બસમાં માંડ મુસાફરો બેસતા થયા છે. જેના લીધે સલામત સવારીના પૈડા ટ્રેક પર દોડતા થયા છે. આવા સંજોગોમાં એસ ટી ની સલામત સવારીએ કોરોના કાળમાં લાખોની ખોટ સહન કરવાનો વારો આવ્યો છે.




# જિલ્લામાં ૮ નવા કેસ

**૧૨ ને ડિસ્ચાર્જ : ગાંધીનગરમાં ૩ અને માણસામાં એક કેસ નોંધાયો : શહેરમાં બે મહિલા દર્દી સહિત કુલ ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે સતત બીજે દિવસે પણ સીંગલ ડિજીટમાં કેસ નોંધાયા છે. જિલ્લામાં સંક્રમણ ઘટતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં આજે જે ૮ કેસ નોંધાયા છે તેમાં શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૪-૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ ગાંધીનગરમાં અને એક કેસ માણસામાં નોંધાયો છે. દહેગામ અને કલોલમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. આજે નોંધાયેલા ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. એક મહિલા દર્દી સહિત નોંધાયેલા તમામ દર્દી પ્રાઈવેટ નોકરી કરી રહ્યા છે.

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામેથી ૨ અને શાહપુર ગામેથી એક કેસ મળી આવેલ છે. જ્યારે માણસાના અંબોડ ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૯૪૯૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫૨૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૫, ૭, ૨૮, ૨૯ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં સંક્રમણ ઘટ્યુ છે પણ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર છે. શહેરમાં રિકવરી રેટ ૯૬ ટકાએ પહોંચ્યો છે તેવો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં હવે ૬૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ લાખથી વધુના કોરોનાના ટેસ્ટ

**ગ્રામ્ય વિસ્તારમાં ૩.૮૩ લાખ અને શહેરમાં ૨.૨૬ લાખ લોકોને ટેસ્ટીંગમાં આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના અંગે એન્ટીજન તેમજ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ૬ લાખથી વધુ લોકોના કરવામાં આવ્યા છે. ખાનગી લેબોરેટરીમાં થયેલા ટેસ્ટની સંખ્યા આમાં સામેલ નથી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩,૮૩,૭૪૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે જ્યારે શહેરમાં ૨,૨૬,૨૯૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં બીજી લ્હેર વખતે વધુ લોકોને ટેસ્ટીંગમાં આવરી લેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગ જે કરાયા છે તેમાં ગાંધીનગર ગ્રામ્યમાં સૌથી વધુ અને કલોલમાં પ્રમાણમાં ઓછા ટેસ્ટ કરવામાં આવ્યા છે.

તાલુકાવાર આંકડા જોઈએ તો ગાંધીનગરમાં ૯૭,૩૮૧, દહેગામમાં ૯૬,૧૮૮, કલોલમાં ૯૩,૬૯૬, માણસામાં ૯૬,૪૭૫ લોકોને ટેસ્ટીંગમાં આવરી લેવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૨,૨૬,૨૯૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ૧૦ હજારથી વધુ નોંધાયા છે જ્યારે શહેરમાં પણ આ કેસો સાડા નવ હજારથી વધુ નોંધાયા છે. કોરોનાનું સંક્રમણ હવે ઘટ્યુ છે. એપ્રિલ અને મે માસમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધ્યુ હતુ.

ટેસ્ટીંગ, ટ્રીટમેન્ટ અને ટ્રેસીંગની રણનીતિ પર તંત્રએ તેની કામગીરી કરી હતી તેમ પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ હતુ.









# દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ આજે ગુજરાતની મુલાકાત લેશે

**કેજરીવાલનું ગુજરાતીમાં ટ્વિટ : હું ગુજરાત આવી રહ્યો છું, બધા ભાઇ બહેનોને મળીશ**

અમદાવાદ, તા. ૧૩

ગુજરાતમાં ૨૦૨૨ માં વિધાનસભાની ચૂંટણી અગાઉ ભાજપે તૈયારીઓ આરંભી દીધી છે ત્યારબાદથી જ રાજકીય ગરમાવો વધી ગયો છે. પાટીદારો દ્વારા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું અને તેમાં પાટીદાર મુખ્યમંત્રીની માંગ અને આપના વખાણના પગલે હાલ ગુજરાતનાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. નરેશ પટેલ દ્વારા સરકારની કોરોના દરમિયાનની કામગીરીની પણ ભારે ટીકા થઈ અને આમ આદમી પાર્ટીનાં વખાણના પગલે રાજકીય હડકંપ આવ્યો છે.

બીજી તરફ ૧૪મી તારીખે સવારે દિલ્હીના મુખ્યંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતનાં પ્રવાસે આવી રહ્યા છે. તેમણે ગુજરાતીમાં ટ્વીટ કરીને કહ્યું કે, હું આવતી કાલે ગુજરાત આવી રહ્યો છું. બધા ભાઈ બહેનોને મળીશ. આ ટ્વીટ બાદ ફરી એકવાર રાજકીય સમીકરણો બદલાવાનાં એંધાણ જોવા મળી રહ્યા છે. સુત્રો અનુસાર કેજરીવાલ સવારે ૧૦.૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ આવશે. અહીંથી તેઓ સીધા શાહિબાગ સર્કિટ હાઉસ જશે. અહીં કેટલાક લોકો આમ આદમી પાર્ટીમાં જોડાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com